# પ્રકરણઃ ૧૩

# તારણો

# પ્રકરણઃ ૧૩ તારણો

## ૧૩.૧ બહુસંસ્કૃતિવાદના સમયમાં નારી છબીના અભ્યાસની પ્રસ્તુતતાઃ

ભારત દેશએ બહુસાંસ્કૃતિક અને બહુભાષી દેશ છે. ભારત દેશમાં યુગોથી વિવિધ કળાઓનું મહત્ત્વ માનવજીવનમાં એક અનન્ય સ્થાન ધરાવે છે. મનુષ્ય યુગોથી તેની આસપાસના પરિવેશમાંથી પ્રેરણા (inspiration) લઈને કળાનાં વિવિધ સ્વરૂપોનું સર્જન કરે છે. કળામાં સાહિત્યનું સ્થાન અનેરું છે. તેનું માધ્યમ શબ્દો હોવાથી તેનું પ્રત્યાયન ભાવક સુધી સરળ બને છે. તેથી સાહિત્ય માનવજીવનમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે. સમાજ અને સાહિત્ય પરસ્પર અસર ધરાવે છે, જેને કારણે સમાજમાં ચાલતી પ્રવૃત્તિઓ, વિચારણાઓ, ઘટનાઓ, વાદો-પ્રતિવાદો, ચળવળો, સંગ્રામો, યુદ્ધો વગેરેની અસર સાહિત્યમાં જોવા મળે છે. તેનાથી વિરુદ્ધ સાહિત્યમાં આવતા વિચારો, માનવીય મૂલ્યોના ઉદ્‌ઘાટીકરણ-જેવી બાબતોની અસર સમાજ પર જોવા મળે છે. સાહિત્યને સમાજવાદી અભિગમથી મૂલવતાં તેની અસરનો ખ્યાલ આવે છે.

જ્યારથી મનુષ્યનો જન્મ થયો ત્યારથી સ્ત્રી-પુરુષ લિંગભેદ અસ્તિત્વમાં આવ્યો અને જ્યારથી સમાજની રચના થઈ, માણસ સમૂહમાં રહેતો થયો ત્યારથી સ્ત્રી-પુરુષ જાતિગત ભેદ અસ્તિત્વમાં આવ્યો. જેને કારણે સ્ત્રી અને પુરુષને ભિન્ન કરીને સામાજિક વલણ, તેમણે જોવાનો દૃષ્ટિકોણ, વર્તન, કાર્યભાર વહેંચણી-વગેરે જેવી બાબતે અસમાનતા પેદા થઈ. આ ભેદ વધુ પ્રમાણમાં વધી જતાં ‘નારીવાદ’ અસ્તિત્વમાં આવ્યો. જેમાં નારી સામેના અન્યાય, અસમાનતા , અધિકાર અને અસ્મિતાને લગતાં પ્રશ્નો ઉઠ્યા. સાહિત્ય ક્ષેત્રે તેનો પડઘો પડ્યો અને નારીવાદના ત્રીજા સ્તરમાં ‘નારી છબી’ વિષે વિચારણા શરૂ થઈ.

નારી પ્રત્યે પુરુષસત્તાક સમાજની જે અસમાનતા હતી તેમાં નારી પ્રત્યેના ગૃહિતોને સ્થાન હતું. આ ગૃહિતો દ્વારા નારીને નિમ્ન, દ્વૈતિક, અસમાન અને વસ્તુરૂપ ગણવામાં આવતી.

જેના દ્વારા તેના શરીરની ભિન્નતાને મર્યાદા ગણી 'સંતાન પેદા કરવાનું સાધન', 'ભોગવવાનું સાધન', 'કામ કરવા માટેનું સાધન'- મુખ્યત્વે આ ત્રણ બાબતોના સંદર્ભે જ સ્ત્રીઓનો વિચાર થવા માંડ્યો. જેને કારણે તેની સ્વતંત્રતા પણ બંધનો લાદીને તેના માનસિક કે વૈચારિક પાસાંને સતત અવગણવામાં આવ્યા. સ્ત્રીનું સ્વતંત્ર અસ્તિત્વ હોઇ શકે તેવો વિચાર ન કરાતાં તેના જીવન-મૃત્યુના પ્રશ્નની લગામ પણ પુરુષે પોતાના હાથમાં લીધી. પુરુષસત્તાક તંત્રમાં ધાર્મિક, રાજકીય, સામાજિક અને માનસિક સ્તરે શોષણનો ભોગ બનેલી સ્ત્રીઓએ નારીવાદની ચળવળ શરૂ કરી.

ધીમે-ધીમે મતાધિકારથી માંડીને લગ્ન વિષયક કાયદા સુધી સ્ત્રીને સ્વતંત્રતા મળી, તેમ છતાં તેને જોવાના દૃષ્ટિકોણમાં વધુ પરીવર્તન આવ્યું નહીં. નારીવાદના ત્રીજા સ્તર સુધી આવતા આ વિષે વિચારણા શરૂ થઈ. રચાઇ ગયેલા સાહિત્યને ફરીથી 'ગાયનોસેંટ્રીસિઝમ' અને 'ફેમિનિસ્ટ સ્ટાઈલીસ્ટિક્સ' જેવી વિચારણા આવતા નારીકેન્દ્રી અભિગમથી તપાસવાની ફરજ પડી. જેમાંથી સાહિત્યકાર નારીનું પાત્ર પોતાની કૃતિઓમાં કઈ રીતે રજૂ કરે છે- તે તરફ ધ્યાન દોરવામાં આવ્યું. સમૂહ માધ્યમો અને કળા ક્ષેત્રે નારીની છબીનો અભ્યાસ શરૂ થયો.

સમયે-સમયે પેઢી દર પેઢી સમાજમાં પરિવર્તન આવે છે. તેમાં હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારના પરિવર્તનો જોવા મળે છે. તેવી જ રીતે સ્ત્રી-વિષયક રૂઢીઓ જેટલી બંધ થઇ છે, ત્યાં જ સમાજમાં પ્રવર્તીત વિકૃત માનસિકતા દ્વારા નવા દૂષણોનો પેસારો થયો છે. જેમાં સમૂહ માધ્યમો, કળા અને ૨૧મી સદીમાં ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયામાં પ્રવર્તમાન દૂષણોનો સમાવેશ થાય છે. સાહિત્યમાં ભારતીય નવલકથાઓનો અભ્યાસ કરી વર્ષોથી ચાલી આવતા સ્ત્રી શોષણમાં કઈ-કઈ સત્તા પ્રવૃત્ત છે? કયા કયા પરિબળોનો પ્રભાવ છે? તેમાં કેટલું પરીવર્તન આવ્યું છે? અભ્યાસની નવી દિશાઓ દ્વારા સ્ત્રી અન્યાય સામે કઈ રીતે નવા સાહિત્યકારો સમસ્યાઓ સંદર્ભે વાચા આપે?- આ બધા પ્રશ્નોની તપાસ અને તે માટે

દિશાસૂચન કરવાના હેતુસર  આ અભ્યાસ છે. ભારતમાં વિવિધતા છતાં સર્વત્ર લાગુ પડતાં સ્ત્રી પ્રત્યેના વલણો સમાન હોવાને કારણે આ અભ્યાસ અનિવાર્ય છે.

આમ, સમૂહ માધ્યમો અને કળાના ક્ષેત્રોમાં નારી છબીના અભ્યાસ દ્વારા આજના સમયમાં પ્રવર્તતા દૂષણોને અટકાવી શકાય તેનો અવકાશ રહેલો છે. સ્ત્રીને માત્ર 'શરીર' તરીકે ન જોતાં, તેના પ્રત્યે માત્ર વાસનાનો કે અન્ય નિમ્ન ભાવ ન અનુભવતાં તેને એક મનુષ્ય રૂપે જ જોઈને તેની સાથે વર્તાવ કરવામાં આવે, જેથી સમાનતા ધરાવતાં સમાજની રચના થઈ શકે તે માટે નારી છબીનો અભ્યાસ આજના સમયમાં પ્રસ્તુત બને છે.

## ૧૩.૨ નવલકથા સ્વરૂપ પર નારી છબીના અભ્યાસને કારણે થતાં લાભાલાભઃ

સાહિત્યમાં નવલકથા એ અભિવ્યક્તિનું સરળ સ્વરૂપ છે. સર્જક અને ભાવક બંને માટે મોકળાશ ધરાવતાં આ સ્વરૂપમાં અભિવ્યક્તિની સરળતાને કારણે પ્રત્યાયન પણ સરળ બને છે. વાર્તા કરતાં નવલકથા બૃહદ સ્વરૂપ હોવાથી પરિવેશની મોકળાશથી રચના કરી, પાત્રો અને ઘટનાઓ દ્વારા માંડીને વાત કરી શકાય છે. સ્ત્રી લેખિકાઓએ પણ વાર્તા અને નવલકથા સ્વરૂપે અન્ય સ્વરૂપો કરતાં વધુ ખેડાણ કર્યું છે. વાર્તાએ લાઘવતા ધરાવતું સ્વરૂપ હોવાથી જે પૃષ્ઠભૂમિમાંથી પાત્રો આવે છે, તેમની ભાષા, સંવાદો, રીતિ-રિવાજો, રહેણી-કરણી, ઉત્સવો, પહેરવેશ, ખાણી-પીણી વગેરે વિગતોને પ્રયોજવામાં મર્યાદા લાગુ પડી જાય છે. તેને કારણે નવલકથા સ્વરૂપનો અભ્યાસ વધુ પ્રસ્તુત બને છે.

નારી સમસ્યાને લઈને અન્ય ભારતીય ભાષાઓમાં ઘણું સર્જન થયું છે. પરંતુ, ગુજરાતી ભાષામાં આંગળીના વેઢે ગણી શકાય તેટલી જ નવલકથાઓમાં નારીની સમસ્યાઓને સ્થાન મળ્યું છે. આ ઉપરાંત, નારીની સ્વભાવગત લાક્ષણિકતાઓ અને વૈચારિક સંદર્ભોને લઈને ગહન લેખન પ્રસ્તુત કરે તેવી નવલકથાઓ ઓછી જોવા મળે છે. તેથી અન્ય ભાષાની નવલકથાઓમાં

નારી છબીના અભ્યાસ દ્વારા જે નારી છબીનું ગહન વૈચારિક લેખન પ્રાપ્ત થાય છે, તેના પરિચયથી ગુજરાતી ભાષામાં ઉત્કૃષ્ટ નવલકથા મળી શકે છે. વિવિધ પ્રયુક્તિઓ, નવ્ય દૃષ્ટિકોણ અને નવી સમસ્યાઓને નવલકથા સ્વરૂપમાં સ્થાન મળે તે આવશ્યક છે. સામાજિક સ્તરે વ્યાપ્ત નવા દૂષણોને પણ લોકપ્રિય નવલકથા સ્વરૂપમાં સ્થાન મળી રહ્યું છે, તે સ્થાન શિષ્ટ ગણાતી કૃતિઓમાં પણ મળે તે અનિવાર્યતા છે. નવલકથા સ્વરૂપના ભાવકો-વાચકો પણ બહોળી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. જેને કારણે સીધી કે પરોક્ષ અસર સમાજમાં ઝીલાય તો સામાજિક પરિવર્તન આવી શકે છે. અલબત્ત, આ નવલકથાઓ 'બોધ કથા' ન બની રહે તે મર્યાદાને પણ ધ્યાનમાં રાખવાની હોય છે. તેમ છતાં સ્ત્રીને માનવી તરીકે જોઈ તેના માનવીય મૂલ્યોમાં શ્રદ્ધા, ભાષાકીય રીતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો તેમજ વાસ્તવિકની નિકટ જતાં દૃષ્ટિકોણનાં નિરૂપણ દ્વારા નવલકથામાં એકધારી ચાલી આવતી નારી છબીને બદલી શકાય છે. આમ, નારી છબીનાં અભ્યાસ દ્વારા નવલકથા સ્વરૂપને લાભ થવાની શક્યતા છે.

## ૧૩.૩ ભારતીય નવલકથાઓમાં નારી પાત્રોની છબીની વિવિધતાઃ

ભારતની વિવિધ ભાષાઓમાં નવલકથા સ્વરૂપમાં નારીપાત્રોની વિવિધ સૃષ્ટિ જોવા મળે છે. જેમાં પરંપરાગત નારી અને આધુનિક નારી બંનેનો સમાવેશ થાય છે. રૂઢીઓને કારણે ત્રસ્ત બનેલી નારી, રૂઢીઓને સ્વીકારી જીવન જીવતી અને રૂઢીઓનો છેદ ઉડાડી જીવતી સ્ત્રીઓની છબી ભારતીય નવલકથાઓમાં જોવા મળે છે, જેનો વિસ્તૃત અભ્યાસ પ્રકરણ ૧ અંતર્ગત કરવામાં આવ્યો છે.

નોકરિયાત કે ગૃહિણી; પુત્રી, પત્ની કે માતા; શિક્ષિત કે અશિક્ષિત; ગ્રામ્ય કે શહેરી જીવનમાં જીવતી; ધનિક કે નિર્ધન સ્તરની નારીઓનાં પાત્રો ભારતીય નવલકથાઓમાં જોવા મળે છે. જેમાં મોટા ભાગના નારીપાત્રો પરંપરાગત છબીમાં ઢળેલાં હોય છે. કૃષ્ણા સોબતી, પ્રભા

ખેતાન, આશાપૂર્ણાં દેવી, પ્રતિભા રાય, બિંદુ ભટ્ટ, આશા બાગે, બામા- વગેરે જેવી લેખિકાઓની નવલકથામાં પરંપરાગત ન હોય તેવી વિલક્ષણ નારી છબી જોવા મળે છે. આ ઉપરાંત, પત્રકાર, અભિનેત્રી, ફ્લાઇટ અટેંડંટ, મોડેલ, સફાઈ કામદાર, મજૂરી કરતી, કામવાળી બાઈ, વેશ્યા-વગેરે જેવી અપરંપરાગત ક્ષેત્રે કાર્ય કરતી સ્ત્રીઓને મુખ્ય પાત્ર તરીકે લઈને નવલકથાઓ નથી રચવામાં આવી. જેને કારણે સમાજની ઘણી વાસ્તવિકતાઓને સાહિત્યમાં નવલકથા સ્વરૂપે સ્થાન નથી મળ્યું. આ ઉપરાંત, નવા દૂષણોને ધ્યાનમાં રાખીને પણ એકધારી નારી છબી ન રચતાં સમાજની વાસ્તવિકતાની નિકટ જવાનો અવકાશ રહેલો છે. ભારતીય નવલકથા ક્ષેત્રે આ સ્ત્રીઓને પાત્ર તરીકે લઈને વિવિધરંગી છબીઓનાં નિરૂપણ દ્વારા તેમની સમસ્યાઓ અને શોષણને વાચા આપી શકાય છે.

## ૧૩.૪ ભારતીય સાહિત્ય વિવેચન ક્ષેત્રે નારી છબીનાં અભ્યાસ સંદર્ભે વિવેચકોની રસરૂચિઃ

ભારતીય સાહિત્ય ક્ષેત્રે નારી છબી સંદર્ભે ઘણું ઓછું વિવેચન થયું છે. જે વિવેચન થયું છે તે પણ કોલોનીયાલીઝમની અસર હેઠળ થયેલું જણાય છે. નારીવાદનો ઉદ્ભવ ચળવળ રૂપે પશ્ચિમમાં થયો એ વાત નિશ્ચિત છે. પરંતુ, ભારતમાં નારીવાદને લઈને જે ચર્ચા-વિચારણા કે લેખન થયું છે, તે વિષે ઘણાં વિવેચકો બેધ્યાન રહ્યાં છે. 'નારીવાદ'નું નામ આવતા વર્જિનિયા વૂલ્ફ કે સીમોન-દ-બુઆનું નામ તરત આવે છે. વિવેચનામાં પણ આ જ જોવા મળે છે. ભારતીય સામાજિક સુધારણા ક્ષેત્રે જે સુધારકોએ કે સર્જકોએ ફાળો આપ્યો અને નારીનાં શોષણને વાચા આપી તે પ્રત્યે ઓછું વિવેચન થયું છે.

જ્યારે વાસ્તવિક રીતે જોઈએ તો પશ્ચિમમાં નારીનું સ્થાન અને ભારતમાં નારીના સ્થાનમાં વર્ષોથી ઘણો મોટો ભેદ જોવા મળે છે. સ્ત્રીઓ પ્રત્યેનું વલણ, ગૃહિતો અને દૂષણોમાં

પણ ભિન્નતા છે. બંને પરિસ્થિતીને એક જ માંચડે ચઢાવીને તપાસવા જતાં ભારતીય સ્ત્રીના સ્થાન અને નારી છબીનાં અભ્યાસમાં મર્યાદા આવી જાય છે. તે માટે નવા અભિગમોને આધારે ભલે વિવેચન થાય, પરંતુ ભારતીય પરિપ્રેક્ષ્યને અવગણી ન શકાય. જેમ ગુજરાતી સર્જકો નારીની સમસ્યાઓને વાચા આપવા માટે મર્યાદિત પ્રયત્ન કર્યો છે કે નિરાશાવાદી રહ્યાં છે, તે જ રીતે વિવેચકો પણ તે બાબતે મર્યાદિત રહ્યાં છે. તેને કારણે તારાબાઈ શિંદે, પંડિતા રમાબાઈ, મહાદેવી વર્માનાં સાહિત્ય પર માંડ એકાદ-બે વિવેચના જોવા મળે છે. તેમજ નારી કેન્દ્રી નવલકથાઓનું વિવેચન પણ ઓછું  જોવા મળે છે. તેથી સર્જન અને વિવેચન બંને બાબતોમાં આ સંદર્ભે ધ્યાન દોરાવવું અનિવાર્ય છે. સ્ત્રી કેન્દ્રી એટલે સ્ત્રીએ લખેલી નવલકથાઓ અથવા નારીવાદી સાહિત્ય એટલે નારીએ લખેલું સાહિત્ય- આવી માન્યતાઓ સમાજમાં કે ભાવકોમાં પ્રવર્તીત છે તેનું કારણ તે વિષે વિવેચનમાં ન થયેલી સ્પષ્ટતા છે. તે માટે નારીની સમસ્યાઓ જે નવલકથામાં સ્થાન પામી છે તેનું લક્ષ્યવેધી વિવેચન થવું જોઈએ.

## ૧૩.૫ નારી છબી સંદર્ભે- ભાવિ સંશોધન માટેની શક્યતાઓ અને દિશાનિર્દેશઃ

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નારી છબીને લઈને ઘણું ઓછું સંશોધન થયું છે. જે સંશોધન થયું છે તેમાં પણ નારી છબીને બદલે 'નારી વાદ'ની ચર્ચા-વિચારણા વધુ જોવા મળે છે. જેને કારણે સાહિત્યમાં નારી છબીનું શું મહત્વ છે તે હાંસિયામાં ધકેલાઇ જાય છે. આયોજનપૂર્વક અને સૈદ્ધાંતિક પાયા પર નારી છબીની વિચારણા થવી ઘણી આવશ્યક છે. કારણ કે સૈદ્ધાંતિક પીઠિકા ગુજરાતી સાહિત્ય સંશોધન/વિવેચન ક્ષેત્રે પ્રાપ્ત થતી નથી. નારીવાદનાં એક સ્તરમાં નારી છબીની વિચારણા આવી અને તેનો અભ્યાસ મહત્વનો બન્યો, તેના બદલે નારીવાદ એ જ નારી છબી એમ ગણી લેવાતાં ઘણાં શોધનિબંધોમાં અભ્યાસમાં અસ્પષ્ટતા જોવા મળે છે. આ ઉપરાંત, નારી વાદ કે નારી છબી સંદર્ભે કરાયેલ અભ્યાસમાં ભારતીય પરિપ્રેક્ષ્યની બાદબાકી થઈ જતાં ભારતીય સાહિત્યને પશ્ચિમી ધોરણે મૂલવવાની દિશાચૂક પણ થાય છે. તે માટે નારી

છબીની સૈદ્ધાંતિક વિચારણાનું મહત્વ છે. એ સંદર્ભે વિવિધ સાહિત્ય સ્વરૂપે સંશોધન અને શોધને અવકાશ છે. આવા કેટલાંક ક્ષેત્રોનું સૂચન કરવાનું દુઃસાહસ કરું છુંઃ

૧. આપણે ત્યાં ભારતીય સમાજમાં વૈદિક અને પૌરાણિક સમયે રચાયેલ સાહિત્યમાં નારીની છબી કઈ રીતે નિરૂપાઈ છે-તે વિષે એક સ્વતંત્ર અભ્યાસ થઈ શકે તેનો અવકાશ છે. જેના દ્વારા દ્વારા સામાજિક પરિવર્તનમાં તેનો પ્રભાવ કઈ પડ્યો તેનો અલાયદો અભ્યાસ પ્રાપ્ત થઈ શકે છે.

૨. કોઈ એક પૌરાણિક કૃતિ કે ધર્મગ્રંથને લઈને પણ તેનો સમગ્રતયા અને ગહન અભ્યાસ દ્વારા નારી છબીનો અભ્યાસ થઈ શકે.

૩. કોઈ એક સાહિત્ય સ્વરૂપ લઈ, સમય નિશ્ચિત કરી તે સમયમાં નારી છબીમાં સામ્યતા કે ભેદનો અભ્યાસ કરી શકાય. જેથી તે સમયનાં પ્રભાવક પરિબળો અને ઘટનાઓને કારણે નારી છબીમાં તે સાહિત્ય સ્વરૂપમાં કેવું અસરકારક પરીવર્તન આવ્યું તેનો અભ્યાસ થાય.

૪. કોઈ એક સાહિત્યકારના સમગ્ર સર્જનને અનુલક્ષીને તેના જ સાહિત્ય સર્જનમાં નારી છબીમાં કેવું પરીવર્તન આવ્યું તેનો અભ્યાસ થઈ શકે.

૫. નારીવાદમાં ઘણાં પ્રકારો છે. કોઈ એક પ્રકારને લઈને સાહિત્યમાં તેનું નિરૂપણ કઈ રીતે થયું છે તેનું સંશોધન પણ કરી શકાય છે. ગાયનોસેંટ્રીસિઝમ, ઇકો-ફેમિનીઝમ, રેડિકલ ફેમિનીઝમ, લેસ્બિયનીઝમ વગેરે જેવા ઘણાં પ્રકારોમાંથી કોઇ પણ એક પ્રકાર પસંદ કરી તેના વિષે અલાયદો અભ્યાસ થઈ શકે તેનો અવકાશ છે.

૬. સાહિત્ય વિવેચનનાં કોઈ એક પ્રકાર સાથે નારી છબીનાં અભ્યાસને જોડીને પણ સંશોધન થઈ શકે છે. જેમ કે, મનોવૈજ્ઞાનિક અભિગમ અને નારી છબી, સમાજવાદી અભિગમ અને નારી છબી, નવ્ય ઈતિહાસવાદ અને નારી છબી વગેરે.

૭. દલિતવાદ અને નારી છબીને જોડીને પણ સ્વતંત્ર વિષયે સંશોધનને અવકાશ છે. લોકસાહિત્યમાં નારી છબીને લઈને પણ સંશોધન કરી શકાય છે.

## ૧૩.૬ સંશોધનમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો/ મર્યાદાઓ:

નારી છબીને લગતું સંશોધન કરવા માટે નારી છબી અને નારી વાદ બંને વચ્ચેની સ્પષ્ટતા હોવી જરૂરી છે. તેના માટે સૈદ્ધાંતિક પીઠિકા કે વિવેચનો અતિમર્યાદિત હોવાથી આ ક્ષેત્ર એક નવું જ સાહસ માંગી લે છે. આ ઉપરાંત, નારી છબી સંદર્ભે સંશોધનમાં અન્ય ભાષાઓની જાણકારી પણ જરૂરી છે. નારી વાદની પીઠિકા સમજવા અને નારી વાદનાં નવા સ્તર પ્રત્યે અભિપ્રેત થવા માટે પણ અંગ્રેજી અને અન્ય ભાષાઓનું જ્ઞાન જરૂરી છે. લિંગભેદ અને જાતિગત ભેદ વચ્ચે પણ સ્પષ્ટતા ન હોય તો અભ્યાસમાં નિશાનચૂક થવાની શક્યતા રહે છે. નારીવાદ એટલે સ્વચ્છંદતા કે પુરુષદ્વેષીપણું એવા પૂર્વગ્રહો કે ગૃહિતોને આધારે અભ્યાસ કરવાથી તટસ્થ તારણો મળી શકતા નથી. તેથી પૂર્વગ્રહરહિત અભ્યાસ અનિવાર્ય છે.